# જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:જા/ઉપક/૨૯ /૨૦૧૦. તા ૨૯/૫/૨૦૧૦

હુ..ક..મ..

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે જીલ્લા કલેકટર કચેરી, જીલ્લા સેવા સદન સુભાષબ્રિજ સર્કલ પાસે, તેમજ જનસેવા કેન્દ્ર કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, તેમજ પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, અમદાવાદ ખાતે આવેલ કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામા આવે છે જ્યાં રોજેરોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઇસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસર ઇરાદાઓ સેવી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃતીઓ કરી રહેલ હોવાનુ જણાય છે.

આથી હું એસ. કે. સાઇકીયા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૨૨ મા અધિનિયમની કલમ ૩૭(૩) મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરુ છુ કે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર કસબાની ઉકત પારામાં જણાવ્યા પ્રમાણે જીલ્લા કલેકટર કચેરી, સુભાષબ્રિજ અમદાવાદ, જનસેવા કલેકટર કચેરી, અમદાવાદ પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, સુભાષબ્રિજ અમદાવાદ ખાતે કોઇપણ અનઅધિકૃત ઇસમો કે ઇસમોની ટોળી દ્વારા સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી નાણા પડાવવા જેવા ગેરકાયદેસર ઇરાદાઓ સેવનાર પર પ્રતિબંધ ફરમાવું છું

આ જાહેરનામાનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) તેમજ અને ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ અને મુંબઇ પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સારૂં સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનીયર પોલીસ ઇન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ આ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. સી. પી. એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૯.૫.૨૦૧૦ થી કરવાનો રહેશે.

આજરોજ તા. ૨૯.૫.૨૦૧૦ ના મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૨૯/૫/૨૦૧૦
અમદાવાદ શહેર.

(એસ. કે. સાઇકીયા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

૧. મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડિપાર્ટમેન્ટ વડોદરા
    ર/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
    અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૨. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. પોલીસ ભવન, ગાંધીનગર.
૩. કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, ધી કાંટા, અમદાવાદ.
૪. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ. રા. અમદાવાદ. ( ૫ નકલ )
    રજીસ્ટ્રારશ્રી, સીટી સીવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ ( ૫ નકલ )
    રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ અમદાવાદ. ( ૫ નકલ )

લીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ ( ૨૫ નકલ )

કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર

૬. પબ્લીક , પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર.

૭. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર

૮. માહિતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)

ર/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારુ.

નકલ રવાના :

સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર.૧ અને ૨, ટ્રાફિક, તથા

મુખ્ય મથક, વિ.શાખા, વહિવટ, અમદાવાદ શહેર.

તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.

તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર

જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રૂમ, અમદાવાદ શહેર.

ર/- જાણ સારું દૈનિક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

તમામ પો.ઇન્સ.શ્રી ____________________ અમદાવાદ શહેર

ર/- જાણ સારું તેમજ પોસ્ટે વિસ્તારમા જાહેરાત માટે અને સખ્ત અમલ થાય તેની તકેદારી રાખવા સારું

મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક શાખા અમદાવાદ શહેર (૮ નકલ)

ર/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારું.